પેજ 3

## ભારતીય ફોટોગ્રાફર રઘુ રાયનું 83 વર્ષની વયે નિધન



નવી દિલ્હી, તા. 26 (PTI): ભારતના સૌથી જાણીતા ફોટોગ્રાફરોમાંના એક રઘુ રાય, જેમણે તેમના લેન્સ દ્વારા વિકસતા ભારત અને તેના લોકોનો સાર રજૂ કર્યો હતો, તેમનું રવિવારે વહેલી સવારે અહીંની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું હતું. તેઓ 83 વર્ષના હતા. ફોટોગ્રાફર અને રાયના પુત્ર નિતિન રાયઠ જણાવ્યું હતું કે, પિતાજીને બે વર્ષ પહેલા પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું હતું, પરંતુ તેઓ સાજા થઈ ગયા હતા. પછી તે પેટમાં ફેલાયું, તે પણ મટી ગયું. તાજેતરમાં, કેન્સર તેમના મગજમાં ફેલાયું હતું અને ત્યાર બાદ વય-સંબંધિત સમસ્યાઓ પણ હતી. તેમના પરિવારમાં પત્ની ગુરમીત, પુત્ર નિતિન અને પુત્રીઓ લગન, અવની અને પૂર્વી છે. 18 ડિસેમ્બર, 1942ના રોજ પંજાબના ઝાંગમાં (હવે પાકિસ્તાનમાં) જન્મેલા રાય સિવિલ એન્જિનિયર તરીકે લાયકાત ધરાવતા હતા અને 1966માં 'ધ સ્ટેટ્સમેન' અખબારમાં ચીફ ફોટોગ્રાફર તરીકે જોડાતા પહેલાં માત્ર 23 વર્ષની વયે તેમણે ફોટોગ્રાફી શરૂ કરી હતી.

## રિહાન્નાએ મુંબઈમાં અંબાણી નિવાસસ્થાને પૂજા કરી, ફૂલોની હોળી રમી




મુંબઈ, તા. 26 : આંતરરાષ્ટ્રીય ગાયિકા અને બિઝનેસવુમન રિહાન્નાએ પોતાની કોસ્મેટિક બ્રાન્ડ 'ફેન્ટી બ્યુટી'ના લોન્ચિંગ માટે ભારતની મુલાકાત દરમિયાન મુંબઈમાં આવેલા અંબાણી પરિવારના નિવાસસ્થાન 'એન્ટિલિયા'ની મુલાકાત લીધી હતી. આ મુલાકાતના વીડિયો ઓનલાઇન વાયરલ થઈ રહ્યા છે, જેમાં ગાયિકા અને બ્યુટી એન્ટ્રપ્રિન્યોર અંબાણી પરિવાર દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેતી જોવા મળે છે. અહેવાલ મુજબ, એન્ટિલિયા ખાતે રિહાન્ના અને તેની ટીમને ઈશા અંબાણી, શ્લોકા મહેતા, રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણી દ્વારા આવકારવામાં આવ્યા હતા. ક્લિપમાં જોઈ શકાય છે કે જ્યારે તે નિવાસસ્થાનમાં પ્રવેશ કરે છે ત્યારે પરંપરાગત નૃત્ય પ્રદર્શન સાથે ગાયિકાનું સ્વાગત કરવામાં આવે છે. રિહાન્નાએ અંબાણી નિવાસસ્થાને પૂજા કરી હતી, ફૂલોની હોળી રમી હતી.

## રિહાન્નાએ મુંબઈ મુલાકાત દરમિયાન ભરતનાટ્યમની મુદ્રાઓ શીખી



મુંબઈ, તા. 26 : આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિહાન્નાએ તેની મુંબઈ મુલાકાત દરમિયાન ભરતનાટ્યમની કેટલીક મુદ્રાઓ અજમાવીને ભારતીય શાસ્ત્રીય સ્પર્શ ઉમેર્યો હતો. સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર નેજમ દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોમાં આ ગાયિકા શાસ્ત્રીય નૃત્ય શૈલીનો ઝડપી પાઠ લેતી જોવા મળી હતી અને આ ક્લિપ જોતજોતાંમાં વાયરલ થઈ ગઈ છે. રિહાન્ના તેની બ્યુટી બ્રાન્ડ, 'ફેન્ટી બ્યુટી'ના લોન્ચિંગ માટે મુંબઈમાં હતી અને આ ઈવેન્ટની ઘણી ક્લિપ્સ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે. નૃત્ય શીખતી હોય તેવી ક્લિપની સાથે, તેના અન્ય વીડિયો પણ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બન્યા છે, જેમાં તે ઈન્ફ્લુએન્સર્સને મળતી, ચાહકો સાથે વાતચીત કરતી, હિન્દીમાં 'થેન્ક યુ' કેવી રીતે કહેવાય તે પૂછતી જોવા મળી રહી છે.





» વ્હાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ એસોસિએશનના રાત્રિભોજનમાં ગોળીબારની ઘટના બન્યા પછી ત્યાં થોડી અવ્યવસ્થા સર્જાઇ હતી. ઘટનાને પગલે ડરેલા મહેમાનોએ ટેબલ પાછળ આશ્રય લીધો હતો. અચાનક બનેલી ઘટના પછી મહેમાનોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા ત્યારે એક પોલીસ અધિકારીએ મહામાનોની યાદી લઇને કોઇ બાકી છે કે નહીં તેની ચકાસણી કરી હતી.

# વ્હાઈટ હાઉસની ઘટનાને વિશ્વભરના નેતાઓએ વખોડી

**વડાપ્રધાન** મોદીએ કહ્યું કે લોકશાહીમાં હિંસાને કોઇ સ્થાન નથી અને તેની સ્પષ્ટ શબ્દોમાં નિંદા થવી જોઇએ

વોશિંગ્ટન, તા. ૨૬(PTI): વિશ્વના નેતાઓએ રવિવારે તે બાબતે રાહત વ્યક્ત કરી હતી કે વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનરમાં થયેલા ગોળીબારની ઘટનામાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ઉચ્ચ અધિકારીઓ સુરક્ષિત રહ્યા છે. નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકશાહીમાં રાજકીય હિંસાને કોઈ સ્થાન નથી.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, હોટલમાં થયેલા ગોળીબાર બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ સુરક્ષિત અને હેમખેમ હોવાનું જાણીને તેમને રાહત થઈ છે. મોદીએ કહ્યું કે લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી અને તેની સ્પષ્ટ શબ્દોમાં નિંદા થવી જોઈએ. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ ઘટના અંગે આઘાત વ્યક્ત કરતા કહ્યું કે લોકશાહી સંસ્થાઓ પરના કોઈપણ હુમલાની નિંદા થવી જોઈએ. ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને આ હુમલાને અસ્વીકાર્ય ગણાવતા ટ્રમ્પને પોતાનું સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું, ઈટાલિયન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ ઘટના બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા અને ઉપરાષ્ટ્રપતિ વેન્સ પ્રત્યે સંપૂર્ણ એકતા અને નિષ્ઠાવાન નિકટતા વ્યક્ત કરી હતી. તેમણે X પર પોસ્ટ કર્યું, આપણી લોકશાહીમાં કોઈ પણ રાજકીય નફરત જગ્યા બનાવી શકે નહીં. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ, જેમને ટ્રમ્પ સાથે વારંવાર મતભેદો રહ્યા છે, તેમણે આ ગોળીબારની ઘટનાને ક્ષોભજનક ઘટના ગણાવી હતી. પાકિસ્તાની વડાપ્રધાન શેહબાઝ શરીફે પણ સોશિયલ મીડિયા પર આ ઘટનાની નિંદા કરતા જણાવ્યું હતું કે સમાચાર સાંભળીને તેઓ ખૂબ જ આઘાતમાં છે. શરીફે કહ્યું, રાષ્ટ્રપતિ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી અને અન્ય ઉપસ્થિત લોકો સુરક્ષિત છે તે જાણીને રાહત થઈ. કોરિયા રિપબ્લિકના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજકીય હિંસાને કોઈપણ સંજોગોમાં ક્યારેય વાજબી ઠેરવી શકાય નહીં. જાપાનના વડાપ્રધાન સનાએ તાકાઈચીએ કહ્યું, વિશ્વમાં ક્યાંય પણ હિંસાને ક્યારેય સહન કરવી જોઈએ નહીં. ભયાનક ગોળીબાર બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સુરક્ષિત છે તે સાંભળીને મને રાહત થઈ છે.

ઈઝરાયેલના રાષ્ટ્રપતિ બેન્જામિન નેતન્યાહુએ આ ઘટનાને "તમામ લોકશાહી દેશો પરનો હુમલો" ગણાવ્યો હતો.

મેક્સિકન રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમે કહ્યું કે "તાજેતરની ઘટનાઓ બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમના પત્ની સુરક્ષિત છે તે સારું છે. અમે તેમને અમારું સન્માન પાઠવીએ

## વ્હાઇટ હાઉસ ગોળીબાર : પક્ષીય ભેદભાવો ભૂલીને અમેરિકી નેતાઓએ ઘટનાને વખોડી

**ભારતીય** મૂળના સાંસદો, નેતાઓએ પણ ગોળીબારની ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું

વોશિંગ્ટન, તા. ૨૬: ટ્રમ્પના કટ્ટર વિરોધી અને દિગ્ગજ ડેમોક્રેટ નેતા નેન્સી પેલોસીએ જણાવ્યું હતું કે, કાર્યક્રમમાં બનેલી હિંસાની ભયાનક ઘટના બાદ રાષ્ટ્રપતિ, પ્રથમ મહિલા અને ત્યાં હાજર તમામ લોકો સુરક્ષિત છે તે મોટી રાહતની વાત છે.

પેલોસીએ કહ્યું, યુનાઇટેડ સ્ટેટ્સ સિક્રેટ સર્વિસના બહાદુર પુરુષો અને મહિલાઓ તેમજ સ્થાનિક પોલીસની ત્વરિત કામગીરી પ્રશંસનીય છે. જેમના પરિવારે રાજકીય હિંસાનો ભોગ બનવું પડ્યું છે તેવી વ્યક્તિ તરીકે, મારી પ્રાર્થનાઓ ઘાયલ અધિકારી અને આ આઘાતજનક ઘટનાથી પ્રભાવિત તમામ લોકોની સાથે છે. ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ ગોળીબારની આ ઘટનાને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવી હતી. તેમણે 'X' પર પોસ્ટ કર્યું કે, રાજકીય હિંસા બિલકુલ અસ્વીકાર્ય છે. મને આનંદ છે કે રાષ્ટ્રપતિ અને વ્હાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનરના મહેમાનો સુરક્ષિત છે.

રિપબ્લિકન નેતા અને હાઉસ મેજોરિટી લીડર સ્ટીવ સ્કેલિસે કાયદા અમલીકરણ એજન્સીઓના બહાદુર સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું, આ એક એવો કાર્યક્રમ છે જે લોકોને સાથે લાવવા માટે હોય છે. આપણા દેશમાં હિંસાને કોઈ સ્થાન નથી. કોંગ્રેસ સભ્ય શ્રી થાણેદારે સિક્રેટ સર્વિસ અને અન્ય સુરક્ષા કર્મચારીઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા કહ્યું કે, "હું કાર્યક્રમમાં હાજર તમામ લોકો વિશે વિચારી રહ્યો છું; રાજકીય હિંસા ક્યારેય સ્વીકાર્ય નથી.

ડેમોક્રેટિક નેતા સુહાસ સુબ્રમણ્યમે સુરક્ષા કર્મચારીના વખાણ કર્ય હતા. ડેમોક્રેટ નેતા રો ખન્નાએ કહ્યું, "મારા વિચારો તે બહાદુર સિક્રેટ સર્વિસ એજન્ટ સાથે છે જેમને ગોળી વાગી છે. આપણા દેશમાં હિંસા માટે કોઈ સ્થાન નથી. સેનેટર ચક શુમરે કાયદા અમલીકરણ એજન્સીઓના ત્વરિત પ્રતિસાદ બદલ આભાર માન્યો હતો, જ્યારે પ્રમિલા જયપાલે કહ્યું હતું કે, "હિંસા ક્યારેય કોઈ બાબતનો ઉકેલ નથી.

## વહાઈટ હાઉસનો હુમલાખોર ઉચ્ચ શિક્ષિત ટ્યુટર અને ગેમ ડેવલપર છે



**કોલ** થોમસ એલન નામનો આ હુમલાખોર ઇજનેરી ડીગ્રી ધરાવે છે

**પ્રમુખીય** ચૂંટણી વખતે કમલા હેરીસના ટેકામાં ડેમોક્રેટિક પક્ષને દાન આપ્યું હતું

વોશિંગ્ટન, ૨૬ એપ્રિલ(એપી): શનિવારે વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનરમાં થયેલા ગોળીબારના મામલે ધરપકડ કરાયેલ કેલિફોર્નિયાના શખ્સની સોશિયલ મીડિયા પોસ્ટ્સ પરથી જણાય છે કે તે એક ઉચ્ચ શિક્ષિત ટ્યુટર અને કલાપ્રેમી વીડિયો ગેમ ડેવલપર છે. કેલિફોર્નિયાના ટોરન્સના વતની કોલ થોમસ એલનનો મે ૨૦૨૫નો પ્રોફાઈલ ફોટો કથિત હુમલાખોરના તે ફોટા સાથે મેળ ખાય છે જે શનિવારે રાત્રે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો હતો. સોશિયલ નેટવર્કિંગ સાઈટ લિંક્ડઈન પર મૂકવામાં આવેલો આ ફોટો તેને કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી-ડોમિંગ્યુઝ હિલ્સમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા બાદ ગ્રેજ્યુએશન કેપ અને ગાઉનમાં દર્શાવે છે.

૩૧ વર્ષીય એલને ૨૦૧૭માં પેસાડેનાની કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં બેચલર ડિગ્રી મેળવી હતી. ત્યાં તેણે એક ખ્રિસ્તી વિદ્યાર્થી સંગઠન અને નેર્ફ ગન સાથે રમતા કેમ્પસ ગ્રુપમાં પોતાની સક્રિયતા હોવાનું નોંધ્યું હતું. લોસ એન્જલસના એક સ્થાનિક ABC સ્ટેશને તેના કોલેજના છેલ્લા વર્ષ દરમિયાન એક ઈન્ટરવ્યુ લીધો હતો, જે વૃદ્ધોને મદદ કરતી નવી ટેકનોલોજી વિશેના અહેવાલનો ભાગ હતો; તેણે વ્હીલચેર માટે એક નવા પ્રકારની ઈમરજન્સી બ્રેકનું પ્રોટોટાઈપ તૈયાર કર્યું હતું. ફેડરલ કેમ્પેઈન ફાઈનાન્સ રેકોર્ડ્સ અનુસાર, એલને ૨૦૨૪માં રાષ્ટ્રપતિ પદ માટે કમલા હેરિસના સમર્થનમાં ડેમોક્રેટિક પાર્ટીની પોલિટિકલ એક્શન કમિટીને ૨૫ ડોલરનું દાન આપ્યું હતું.

# પોપટ 'જંગલી પ્રાણી' હોવાથી ખેડૂત વળતર મેળવવાનો હકદાર : હાઈકોર્ટ

**જંગલી** પોપટ વન્યજીવ હોવાથી પાકના નુકસાન બદલ ખેડૂતને વળતર ચૂકવવા મહારાષ્ટ્ર સરકારને હાઇકોર્ટનો આદેશ

નાગપુર, તા. ૨૬ (PTI) બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારને પોપટ દ્વારા નુકસાન પામેલા દાડમના ઝાડ માટે એક ખેડૂતને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. કોર્ટે ચુકાદો આપ્યો છે કે, વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ હેઠળ પક્ષીઓ જંગલી પ્રાણીઓ છે અને રાજ્યએ તેની મિલકત (વન્યજીવો) દ્વારા નાગરિકોને થયેલા નુકસાનની ભરપાઈ કરવી જોઈએ.

જસ્ટિસ ઉર્મિલા જોશી-ફાલકે અને નિવેદિતા મહેતાની નાગપુર બેન્ચે નોંધ્યું હતું કે, જો સંરક્ષિત પ્રજાતિઓ દ્વારા થતા નુકસાન માટે ખેડૂતોને વળતર આપવામાં ન આવે તો તેઓ વન્યજીવોને નુકસાન પહોંચાડે તેવા પગલાં ભરી શકે છે, જે આ કાયદાના હેતુને જ નિષ્ફળ બનાવશે, જેમાં સ્પષ્ટપણે પોપટનો સમાવેશ થાય છે.

૨૪ એપ્રિલના રોજ પસાર કરવામાં આવેલા આ આદેશની નકલ રવિવારે ઉપલબ્ધ થઈ હતી. કોર્ટે વર્ધા જિલ્લાના હિંગી ગામના ૭૦ વર્ષીય ખેડૂત મહાદેવ ડેકાટે દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ આદેશ આપ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે મે ૨૦૧૯માં નજીકના વન્યજીવ અભયારણ્યના જંગલી પોપટો દ્વારા તેમના દાડમના ઝાડને નુકસાન થયું હતું અને તે બદલ વળતરની માંગ કરી હતી.

કોર્ટે સરકારને ૨૦૦ ઝાડને થયેલા નુકસાન માટે પ્રતિ ઝાડ ૨૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે.

રાજ્ય સરકારે આ દલીલનો વિરોધ કરતા દાવો કર્યો હતો કે ભૂતકાળમાં બહાર પાડવામાં આવેલા સરકારી ઠરાવોમાં જણાવાયું છે કે જ્યારે જંગલી હાથી અને બાયસન (જંગલી ભેંસ) ફળ આપતા ઝાડને નુકસાન પહોંચાડે ત્યારે જ વળતર આપી શકાય છે.

જોકે, કોર્ટે આ દલીલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને નિર્દેશ આપ્યો હતો કે આવા ઠરાવો બહાર પાડવાનો ઉદ્દેશ્ય અસરગ્રસ્ત ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર આપવાનો હતો.

## કોલંબિયામાં એક બસમાં થયેલ વિસ્ફોટથી ૧૩નાં મોત, ૩૮ને ઈજા

**હુમલાખોરો** અલગતાવાદી બળવાખોરો હોવાની શંકા

બોગોટા(કોલમ્બિયા), તા. 26(AP): નૈઋત્ય કોલમ્બિયામાં શનિવારે એક બસમાં થયેલા વિસ્ફોટમાં 13 મુસાફરોનાં મોત થયા છે. દેશના આર્મી ચીફે આ હુમલાને એક આતંકવાદી કૃત્ય ગણાવ્યું છે, જેમાં ઓછામાં ઓછા 38 લોકો ઘાયલ થયા છે. આ વિસ્તારમાં ડ્રગ ટ્રાફિકિંગ સાથે જોડાયેલી હિંસામાં થઈ રહેલા વધારા વચ્ચે આ ઘટના બની છે.કાઉકા પ્રદેશના ગવર્નર ઓક્ટાવિયો ગુઝમેને 'X' પર જણાવ્યું હતું કે, જ્યારે બસ કાજીબિયો મ્યુનિસિપાલિટીમાં પાનઅમેરિકન હાઈવે પરથી પસાર થઈ રહી હતી ત્યારે આ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. કાઉકાના આરોગ્ય સચિવ કેરોલિના કામાર્ગોએ એક ન્યૂઝ પ્રોગ્રામમાં જણાવ્યું કે ઘાયલોમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. કોલમ્બિયાના સશસ્ત્ર દળોના કમાન્ડર જનરલ હ્યુગો લોપેઝે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે આ એક આતંકવાદી કૃત્ય હતું અને તેમણે આ માટે 'ઈવાન મોર્ડિસ્કો' તરીકે ઓળખાતા વ્યક્તિના નેટવર્ક અને 'જેમ માર્ટિનેઝ' જૂથને જવાબદાર ઠેરવ્યા હતા. આ બંને જૂથો હવે વિખેરાઈ ગયેલા 'FARC' (રેવલ્યુશનરી આર્મ્ડ ફોર્સીસ ઓફ કોલમ્બિયા)ના બળવાખોરો છે જેઓ આ પ્રદેશમાં સક્રિય છે અને 2016ના શાંતિ કરારનું પાલન કરતા નથી.

કોલમ્બિયાના પ્રમુખ ગુસ્તાવો પેટ્રોએ આ હુમલાની નિંદા કરતા 'X' પર લખ્યું કે, જેઓએ કાજીબિયોમાં સાત નાગરિકોની હત્યા કરી અને 17 અન્યને ઘાયલ કર્યા - જેમાંના ઘણા આદિવાસી લોકો છે - તેઓ આતંકવાદીઓ, ફાસીવાદીઓ અને ડ્રગ તસ્કરો છે.

# ચીનમાં ડાન્સ ઈવેન્ટમાં હ્યુમનૉઇડ રોબોટે વિદ્યાર્થિનીને આલિંગન કરી લીધું



**હ્યુમનોઇડ** રોબોટની હરકતથી હોબાળો મચ્યો, તેણે જાતે આમ કર્યું કે હેન્ડલર દ્વારા તેને આમ કરાવાયું તે બાબતે ચર્ચા છેડાઇ

બેઈજિંગ, તા. 26 (PTI): ચીનની એક યુનિવર્સિટીમાં ડાન્સ ઈવેન્ટ દરમિયાન પર્ફોર્મન્સ આપી રહેલા એક હ્યુમનૉઈડ રોબોટે અચાનક એક વિદ્યાર્થિનીની નજીક જઈને તેને ગળે લગાડી લેતાં ભીડ ચોંકી ગઈ હતી, જેને પગલે સ્ટાફે તેને તાત્કાલિક ત્યાંથી દૂર ખેંચવો પડ્યો હતો. ચીનના શાંક્સી પ્રાંતની યુનિવર્સિટીની આ ઘટનાનો વીડિયો વાયરલ થયો છે અને ચીની સોશિયલ મીડિયા પર આ બાબતે ચર્ચા છેડાઈ છે કે શું રોબોટે સ્વાયત્ત વર્તન વિકસાવ્યું હતું કે પછી તેને તેના હેન્ડલર દ્વારા નિયંત્રિત કરવામાં આવ્યો હતો.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ક્ષેત્રમાં દેશની વધતી જતી શક્તિને પ્રદર્શિત કરવાના સરકારના પ્રયાસોને કારણે ચીનમાં જાહેર કાર્યક્રમોમાં રોબોટ્સની ભાગીદારી નવી સામાન્ય બાબત બની ગઈ છે, ત્યારે આ ઘટનાએ નિષ્ણાતોને સુરક્ષાના વધુ કડક પગલાં લેવા માટે પ્રેર્યા છે.આ ઘટના અંગે ટિપ્પણી કરતાં એક સ્ટાફ મેમ્બરે મીડિયાને જણાવ્યું હતું કે, રોબોટ અને સ્ટુડન્ટ ક્લબ વચ્ચેનું આ સંયુક્ત પર્ફોર્મન્સ કેમ્પસની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં કંઈક નવું કરવાનો પ્રયાસ હતો. સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના રવિવારના અહેવાલ મુજબ, આ ઘટનામાં સંકળાયેલી વિદ્યાર્થિનીને કોઈ ઈજા થઈ નથી અને બાદમાં તેણે મીડિયાને ઈન્ટરવ્યુ આપવાની ના પાડી દીધી હતી.

રોબોટના આ અણધાર્યા વર્તને ઓનલાઈન ચર્ચા જગાવી છે. કેટલાક નેટીઝન્સે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શું રોબોટે સ્વતંત્ર જાગૃતિ વિકસાવી છે, જ્યારે અન્ય લોકોએ પ્રશ્ન કર્યો કે શું આ હિલચાલ ઓપરેટર દ્વારા નિયંત્રિત હતી કે પ્રદર્શનના ભાગરૂપે અગાઉથી નક્કી કરવામાં આવી હતી.

અહેવાલ મુજબ, યુનિવર્સિટીના એક સ્ટાફ મેમ્બરે આ હિલચાલ પ્રી-પ્રોગ્રામ્ડ હોવાનો ઈનકાર કરતાં કહ્યું હતું કે, "તે સમયે અમારી સમજ મુજબ, રોબોટે ભૂલ કરી હતી." ગ્લોબલ ટાઈમ્સ દ્વારા સ્ટાફ મેમ્બરના હવાલાથી કહેવામાં આવ્યું હતું કે આ 'ભૂલ' એક એઆઈ પ્રોગ્રામની ખામી હતી.

# દિલ્હીની ગંગારામ હોસ્પિટલમાં મહિલાના બે હાથનું સફળ ટ્રાન્સપ્લાન્ટ

**બ્રેઇન**-ડેડ વ્યક્તિના અંગદાન બાદ 12 કલાકની સર્જરી પછી મહિલાને હાથ મળ્યા

નવી દિલ્હી, તા. ૨૬ (PTI): એક જટિલ પ્રક્રિયા અને ઉદારતાના કાર્યને કારણે બે બાળકોની યુવાન માતા દિલ્હીની એક હોસ્પિટલમાં બન્ને હાથોનું ટ્રાન્સપ્લાન્ટ કરાવી શકી છે. એક બ્રેઈન-ડેડ દાતાના પરિવારે તેમના ઉપરના અંગોનું દાન કરવાની સંમતિ આપ્યા બાદ આ શક્ય બન્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે, આ મહિલાએ ઘાસ કાપવાના મશીનમાં અકસ્માતને કારણે પોતાના બંને હાથ ગુમાવ્યા હતા.

સર ગંગા રામ હોસ્પિટલ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, આ સુવિધામાં કરવામાં આવેલું આ બીજું દ્વિપક્ષીય હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ છે. આ અકસ્માત બાદ દર્દી તેની દૈનિક પ્રવૃત્તિઓ માટે અન્ય લોકો પર સંપૂર્ણ નિર્ભર હતી, પરંતુ યોગ્ય દાતા મળી આવ્યા પછી આ ટ્રાન્સપ્લાન્ટ દ્વારા તેને કાર્યકારી સ્વતંત્રતા પાછી મેળવવાની તક મળી છે.

૧૨ કલાક ચાલેલી આ સર્જરીમાં દાતાના બંને ઉપરના અંગોનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું – જેમાં જમણો હાથ સુપ્રાકોન્ડિલર લેવલ (કોણીની બરાબર ઉપરથી) અને ડાબો હાથ ડિસ્ટલ ફોરઆર્મ લેવલ (કાંડાની નજીકથી) જોડવામાં આવ્યો હતો. સર્જનોએ લોહીનું પરિભ્રમણ અને હલનચલન પુનઃસ્થાપિત કરવા માટે હાડકાનું ફિક્સેશન, કંડરા (ટેન્ડન) રિપેર, વેસ્ક્યુલર એનાસ્ટોમોસિસ અને નર્વ કોપ્ટેશન સહિતના ચોકસાઈભર્યા માઈક્રોસર્જિકલ પગલાં લીધા હતા. પ્લાસ્ટિક, કોસ્મેટિક અને હેન્ડ માઈક્રોસર્જરી વિભાગના અધ્યક્ષ ડો. મહેશ મંગલે જણાવ્યું હતું કે, "આ સફળ દ્વિપક્ષીય હેન્ડ ટ્રાન્સપ્લાન્ટ વિભાગ અને હોસ્પિટલ માટે અત્યંત ગૌરવની વાત છે.

## સ્વિસ પ્લેનના એન્જિનમાં સમસ્યા સર્જાતાં દિલ્હીમાં ટેક-ઓફ રદ, 4ને ઈજા

**મુસાફરોને** બહાર કાઢતી વખતે ક્રુ મેમ્બર સહિત ચારને ઇજા થઇ, જો કે તે અંગે વધુ વિગતો જાહેર ન કરાઇ

નવી દિલ્હી, તા. 26 (PTI) 245 લોકોને લઈ જઈ રહેલા ઝ્યુરિચ જઈ રહેલા સ્વિસ ઈન્ટરનેશનલ એર લાઈન્સના વિમાને રવિવારે વહેલી સવારે દિલ્હી એરપોર્ટ પર એન્જિનની સમસ્યાને કારણે ટેક-ઓફ રદ કર્યું હતું, જે બાદ પૂર્ણ કટોકટી જાહેર કરવામાં આવી હતી અને મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં ચાર મુસાફરોને ઈજા થઈ હતી. એમ એરલાઈને જણાવ્યું હતું.

જ્યારે આ ઘટના રાત્રે 1 વાગ્યાની આસપાસ બની ત્યારે ફ્લાઈટ એલએક્સ147 ઓપરેટ કરનાર એ330-300 એરક્રાફ્ટ (રજિસ્ટ્રેશન એચબી-જેએચકે)માં ચાર શિશુઓ સહિત 232 મુસાફરો અને ક્રૂના 13 સભ્યો સવાર હતા. એરલાઈનના પ્રવક્તાએ એક અપડેટેડ નિવેદનમાં જણાવ્યું હતું કે, ચાર મુસાફરો હોસ્પિટલમાં છે... કેબિન ક્રૂ મેમ્બરને ઘૂંટીમાં મચકોડ આવી છે. અન્ય ક્રૂ મેમ્બર સુરક્ષિત છે. એક કેબિન ક્રૂ મેમ્બરને પગમાં નાની ઈજા થઈ છે."

મુસાફરોને કેવી રીતે ઈજા થઈ તે અંગેની વિગતો તાત્કાલિક જાણી શકાઈ નથી.